सत्यमेव जयते

# ગુજરાત સરકાર

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૭/૦૯/૨૦૧૮.

**// અધિસૂચના //**

**ક્રમાંક:આઇસીડી-૧૦૨૦૧૮-૧૬૧૭-બ૧**

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ, ગુજરાત રાજયની સંકલિત બાળ વિકાસ સેવામાં, પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ની સીધી ભરતીની કુલ-૫ (પાંચ) જગ્યા ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક:૫૩/૨૦૧૬-૧૭ અન્વયે લેવાયેલ પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ની જગ્યાઓ માટેની સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદ કરાયેલ કુલ-૫ (પાંચ) ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ નીચે કોષ્ટકમાં દર્શાવેલ કુલ-૫ (પાંચ) ઉમેદવારોને તેઓના નામ સામે દર્શાવેલ નીચેના કોષ્ટકના કોલમ-૫ સામે દર્શાવેલ સ્થળ પર નીચે દર્શાવેલ શરતોને આધીન તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે વિગતવાર નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ/ સરનામું | મેરીટ ક્રમાંક | કેટેગરી | હોદ્દો અને નિમણૂકનું સ્થળ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | શ્રીમતી કોમલબેન હર્ષલસિંહ ઠાકોર<br>સી-૫, શ્રી રામ સોસાયટી, જી.ઇ.બી.ની<br>પાછળ, અંકલેશ્વર, જિ.ભરૂચ ૩૯૩૦૦૧ | ૧ | -- | પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), નર્મદા |
| ૨ | શ્રી દશરથલાલ ડાહ્યાલાલ પંડયા<br>બ્લોક નં ૧૯/૪, જુના એફ સ્ટાફ<br>ક્વાર્ટર, એસડીએયુ, એસકે નગર,<br>દાંતીવાડા, બનાસકાંઠા – ૩૮૫૫૦૬ | ૨ | -- | સ્ટેટ પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ)<br>કમિ.મહિલા અને બાળ વિકાસની કચેરી<br>ગાંધીનગર |
| ૩ | સુશ્રી નેહા ભુપેન્દ્ર કંથારીયા<br>૧૫૬/૩, કેન્યાનગર, ન્યુ સમારોડ,<br>અભિલાષા ચાર રસ્તા પાસે,<br>વડોદરા – ૩૯૦૦૦૮. | ૩ | -- | પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), સાબરકાંઠા |
| ૪ | શ્રીમતી મનીષા ભાવિકકુમાર બારોટ<br>કે/ઓ કિશોરભાઇ એન.બારોટ,<br>પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર,<br>કસ્તુરબાધામ, ત્રંબા<br>તા.રાજકોટ,જિ.રાજકોટ. ૩૬૦૦૦૧. | ૪ | એસઈબીસી | પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), અમરેલી |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | શ્રીમતી શિલ્પા અરવિંદભાઇ ડામોર<br>સી-૩૦૪,તિરુપતિ રાજનગર સોસાયટી, સુરમંદિર સિનેમા સામે, આબુ હાઇવે, પાલનપુર, જિ.બનાસકાંઠા – ૩૮૫૦૦૧. | ૫ | એસટી | પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), ડાંગ |

(૧) આ ઉમેદવારોએ અધિસુચનાની તારીખથી દિન-૧૫માં આપેલ નિમણૂંક ઉપર હાજર થવાનું રહેશે. નિયત સમય મર્યાદામાં હાજર નહીં થનારના હુકમો રદ થવાને પાત્ર બનશે. પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ નો હવાલો સંભાળવાની તારીખને નોકરીમાં જોડાયા તારીખ ગણવામાં આવશે.

(૨) આ ઉમેદવારોએ નિમણૂંક વાળી જગ્યાએ હાજર થતાં પહેલાં આ અગાઉ સરકારી કે અર્ધસરકારી સેવા બજાવી હોય તો અગાઉની નોકરી છોડીને તેમને સેવામાંથી ફરજ મુકત/છુટા કરવામાં આવ્યા છે તે મતલબનો હુકમ રજુ કરવાનો રહેશે.

(૩) તેઓએ વિગતવાર નિયુક્તિવાળી જગ્યા પર હાજર થતા પહેલા સચિવશ્રી(મ.બા.વિ) સમક્ષ તાત્કાલિક સ્વખર્ચે હાજર થવાનું રહેશે અને આ વિભાગને તાત્કાલિક અહેવાલ મોકલવાનો રહેશે. તેઓએ કચેરી ખાતે હાજર થયાની તારીખથી (૨) બે વર્ષ માટે અજમાયશી ધોરણે ગુજરાત રાજયની સંકલિત બાળ વિકાસ સેવામાં, પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ તરીકે ફરજો બજાવવાની રહેશે. તેઓને કચેરી ખાતે હાજર થયાની તારીખથી Pre Revised: Pay Band Rs.15600-39100 + Rs.5400 Grade Pay, Revised: Level-10 in Pay Matrix ના પગાર ધોરણમાં ન્યૂનત્તમ તબક્કે મળવાપાત્ર પગાર અને ભથ્થાઓનો ખર્ચ નિમણૂકવાળી જગ્યાની કચેરીની ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે અને મેળવવાનો રહેશે.

(૪) તેઓએ વિગતવાર નિયુક્તિવાળી જગ્યા પર હાજર થતા પહેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩-૧૨-૮૬ના પરિપત્ર ક્રમાંક: સીડીઆર/૧૧૮૬/યુ.ઓ./૨૨૪૪/ગ.(૨) થી ઠરાવ્યા મુજબના સોગંદ લેવાના રહેશે.

(૫) તેઓની આ નિમણૂક સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨-૦૧-૭૦ના પરિપત્ર ક્રમાંક: પીએસી/૧૦૬૮/જી, ની જોગવાઈ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ તરફથી મેળવવાના રહેતા પ્રમાણપત્રો જેવા કે ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃતાંત અંગેના પ્રમાણપત્રમાં કશું વિરુધ્ધ નહીં હોવાની શરતોને આધીન રહેશે. તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯-૦૯-૧૬ના પરિપત્ર ક્રમાંક:વીસીએ/૧૦૨૦૧૬ /૪૨૯૫૪૭/ગ.૨ તથા વખતો-વખતની અન્ય સૂચનાઓની જોગવાઇ અનસાર સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃત્તાંત પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાનાં રહેશે. જેમાં કોઇ વિરૂધ્ધ બાબત ધ્યાને આવશે તો તેઓની આ અજમાયશી નિમણૂક કોઇ પણ પ્રકારની નોટીસ વગર સમાપ્ત કરવામાં આવશે.